## જાગતે રહો !

**હરેશ ધોળકિયા**

ફરી એક નવું વર્ષ શરુ થયું છે. આમ તો, દર વર્ષે કહીએ છીએ તેમ, કોઈ નવું વર્ષ શરુ થતું નથી. સમય તો સળંગ છે. તેના કોઈ જ ટુકડા નથી. પણ માનવે આ સમયને સમજવા, પોતાને અનુકૂળ કરવા, તેના ટુકડાઓ કર્યા છે અને તેને સેકન્ડથી લઈ વર્ષ સુધી ભાગલા કર્યા છે. આ બધું વ્યવસ્થા જળવાય તે માટે છે, કારણ કે સળંગ સમયને કોઈ સમજી ન શકે. પણ આ કામચલાઉ વ્યવસ્થા છે, સત્ય નથી. સત્ય તો કેવળ સળંગ અને શાશ્વત સમય છે જે નદીના પ્રવાહ જેવો છે. બસ, વહ્યા કરે છે.

પણ આપણે તો આ ટુકડાઓના જ સંદર્ભમાં વિચારવાનું રહ્યું. એટલે કહીએ કે નવું વર્ષ શરુ થયું. જો કે આમાં પણ અનેક ગોટાળા છે. નવાં વર્ષો પાછાં અનેક છે : ધર્મની દષ્ટિએ, પ્રાદેશિક દષ્ટિએ, વગેરે. પણ આપણે તો " ૨૦૭૫"ના સંદર્ભમાં જ વિચારીએ.

નવા વર્ષે આમ તો સંકલ્પ લેવાય છે. જો કે હવેની પ્રજા તે ભૂલી ગઈ હશે. તેને તો જે ' ગુગલ' કહે તે જ કરે છે. અને ગુગલને તો આ સંકલ્પની ખબર નહીં જ હોય. એટલે આ ગુગલ–જ્ઞાની પ્રજાને ખબર ન હોય તે સ્વાભાવિક છે. એટલે ' સંકલ્પ લઈએ ' એમ કહેવા બદલે આ વર્ષે કયા નવા વિચાર કરવા તેમ વિચારીએ.

કેવું હતું ગયું વર્ષ ?

થોડા શબ્દોમાં કહીએ તો ઘોઘાંટિયું, છીછરું, નાટકિયું, બેફામ બકવાસીયું....!

ગયા વર્ષનાં છાપાં વાંચીએ તો આપણે માનવ છીએ અને બુધ્ધિશાળી છીએ તે બાબતે જબરી શંકા જાય. દેશમાં–આમ તો વિશ્વમાં જ– બેફામ વકતવ્યો અપાય છે. દિલ્હીથી ગામડા સુધી જેને ફાવે તેમ બોલે છે. કોઈ જ મર્યાદા, કોઈ જ શરમ દેખાતી નથી. આ સમગ્ર બફાટ તપાસીએ તો તેમાં બોલનારની બુધ્ધિની છીછરાશ સિવાય કશું નથી દેખાતું. તેમાં એક અંશ પણ ડહાપણ નથી દેખાયું. એક બાબત પણ ઉપયોગી નથી દેખાઈ. કેવળ ઉશ્કેરાટ, ઝનૂન, સંકુચિતતા વગેરેનાં જ દર્શન થયાં છે. રાજકીય નેતાઓના બફાટમાં એક વાકય પણ સામાન્ય કે ગરીબ માણસના કલ્યાણ માટેનું નથી. તેના વિકાસ માટેનાં કોઈ વાકય નથી. હા, મોટી મોટી વાતો છે, પણ તે કેવળ નાટકીયતા છે. તેમા કશું નકકર નથી. કેવળ બકવાસ છે. વિકાસની વાતો ખૂબ થાય છે, પણ તેમાં માત્ર સામાન્ય પ્રજા ગેરહાજર છે. તેમાં બુલેટ ટ્રેન છે, પણ ગામડાના રસ્તા નથી. તેમાં ઉંચાં ઉંચાં પુતળાંની વાતો છે, પણ પેટ ભરવાની કોઈ જ વાત નથી. માત્ર નાટક, માત્ર બકવાસ જ રહ્યા છે. દેશ હવા કે રાસાયણિક પ્રદૂષણથી હેરાન છે તેના કરતાં આ બકવાસનાં પ્રદૂષણથી વધારે હેરાન છે. સમગ્ર દેશમાં એક જાતનું ભયંકર અશિસ્ત છવાઈ ગયું છે. કયાંય વ્યવસ્થા નથી દેખાતી, બધે જવાબદારીની ફેંકાફેંક દેખાય છે. આખા દેશમાં જવાબદારીમાં ખો–ખો રમાય છે. સમગ્ર દેશ જાણે બેભાન થઈ ગયો હોય તેવો આભાસ થયા કરે છે.

આ સંદર્ભમાં આ નવા વર્ષમાં શું વિચાર કરવો એ વિચારવાનું છે.

આ વર્ષે દેશને શકય હોય ત્યાં સુધી બેભાન અવસ્થામાંથી જાગૃત કરવાનો છે. સજાગ કરવાનો છે. વિચારતો કરવાનો છે. આ વર્ષ થોડું વધારે ભયંકર છે. ચૂંટણીનું વર્ષ છે. ઘોંઘાટ બેકાબૂ બનવાનો છે. હલકામાં હલકી ભાષાનો ઉપયોગ થવાનો છે. પ્રજાને મહતમ બેભાન કરવાના પૂરા પ્રયાસો થશે. આ સંદર્ભમાં વિચારવાનું અને વર્તવાનું શીખવાની જરુર છે.

તો શું કરવું જોઈએ ?

એક જ કામ કરવાનું છે–દરેક વ્યકિતએ પળેપળ " જાગૃત " રહેવાની તાલીમ લેતાં શીખવાનું છે.

" જાગૃત રહેવું " એટલે શું ?

આમ તો આ 'વિપશ્યના'ની સાધનાનો શબ્દ છે. તેમાં વ્યકિતએ પોતા સામે, પોતાના વિચારો સામે, મન સામે જોયા કરવાનું છે અને તેના પ્રત્યે સભાન રહેવાનું છે. પળેપળ પોતાની બધી જ ક્રિયાઓ પ્રત્યે સજાગતા રાખવાની છે. એક પણ પળ કોઈ પણ બાબત આપણી જાગૃતિમાંથી ન છટકે તેનું ધ્યાન રાખવાનું છે. આને જાગૃતિ કહેવાય.

આપણે તો આ પ્રદૂષણના સંદર્ભમાં જાગૃતિની વાત કરવાની છે.

આપણી ચારે બાજુ વૈચારિક પ્રદૂષણ ચાલી રહ્યું છે. છાપાં અને ટી.વી. તો તેમાં મહતમ ભાગ ભજવે છે, પણ હવે એક નવું તત્વ ઉમેરાયું છે–સોશિયલ મીડિયા. આ વધારે ખતરનાક છે. આમ તો તેનો ઉપયોગ સામાન્ય પ્રત્યાયન કરવાનો છે કે પોતાની સર્જકતા દર્શાવવાનો છે. અને તે ઉપયોગી પણ છે. તેનાથી કમ્યુનિકેશન વધે છે. લોકો વધારે નજીક આવી શકે છે.

પણ કૃષ્ણમૂર્તિ કહે છે તેમ જે બાબત પણ માણસના હાથમાં આવે છે, તેને તે થોડા જ સમયમાં બગાડી નાખે છે. વિકૃત કરી નાખે છે. સોશિયલ મીડિયામાં પણ આવું જ બન્યું છે. એક ઉતમ બાબત તદન બગડી ગઈ છે. તેનો ભયંકર દુરુપયોગ થઈ રહ્યો છે. તેના માધ્યમથી કોમવાદ, સંકુચિતતા, વૈમનસ્ય, દ્વેષ, ઝનૂન, જુઠ વગેરે પ્રસરાવવામાં આવે છે. સામાન્ય પ્રજાને ઉશ્કેરવામાં આવે છે અને ઝગડાથી લઈ મારી નાખવામાં આવે છે. પ્રજામાં સતત શંકા ફેલાવવામાં આવે છે. અને પ્રજાની તકલીફ છે કે તે જે વાંચે કે સાંભળે, તેને સમજયા વગર માની લે છે. વિચાર ન કરવાના તો તેણે સોગંધ લીધા છે. કેવળ આવેશમાં જ જીવે છે. એટલે આ મીડિયા પર જે કચરો પીરસાય છે, તેને માની લે છે અને તેના પ્રમાણે આવેશ વ્યકત કર્યા કરે છે.

તેમાં વળી રાજકીય પક્ષો તો તેનો ભયંકર દુરુપયોગ કરે છે. સરકાર પોતે જે નથી કર્યું તે કર્યો હોવાનો દાવો સતત કરે

છે. તેના જુઠ્ઠા આંકડા તેમાં આપે છે. આ બધું જુઠાણું વળી એવી સરસ રીતે વ્યકત કરે છે કે સામાન્ય માણસ ભ્રમણામાં આવી જાય છે કે આ બધું થયું જ હશે. તેથી આ કરનારાઓના પ્રભાવમાં આવી જાય છે અને ચૂંટણીમાં ભૂલો કરી બેસે છે.

આ વર્ષે આ સોશિયલ મીડિયા, છાપાં અને ટી.વી.–આ બધાં ભ્રમણાપોષક છે એમ જાગૃતિપૂર્વક માનવાનું છે. તેને જોવા–વાંચવાનાં છે, માત્ર માનવાનાં નથી. ટી.વી. પર ચર્ચાઓ આવે તેને મનોરંજન તરીકે–બીગ બોસ જેમ– જોવાની–સાંભળવાની છે, પણ તેનો એક શબ્દ પણ માનવાનો નથી. બધા પોતપોતાનો સ્વાર્થ પ્રગટ કરતા હોય છે. જમ બીગ બોસમાં થતી લડાઈ નકકી કરેલ હોય છે, તેના જ તેમને પૈસા મળતા હોય છે, તેમ આ ચર્ચાઓ કે છાપાનાં લેખો પણ ફિકસ્ડ હોય છે. તેમાં કશું જ તત્વ કે સત્વ હોતું નથી. મોટા ભાગના લેખો–વકતવ્યો એકપક્ષી–એકાંગી હોય છે. તેમાં જરા પણ તટસ્થતા નથી હોતી. વાંચી–જોતી વખતે તીવ્ર જાગૃતિ રાખવી જેથી ભ્રમણામાં ફસાઈ ન જવાય.

તેવું જ બોલવા વખતે ધ્યાન રાખવાનુ છે. ચારે બાજુ બેફામ બોલાય છે. ગમે તેમ બોલાય છે. ગાળાગાળી જ થાય છે. એક શબ્દમાં પણ કયાંય સંસ્કાર નથી દેખાતા. વ્યકિતગત આક્ષેપો સિવાય કશું નથી દેખાતું. આ બધું સાંભળતી વખતે ધ્યાનમાં રાખવાનું છે કે બોલનારાને ' પોતે છે' એ પોતાને જ ' સમજાવવાનું' છે એટલે તે સતત છાપાં–ટી.વી.માં આવે છે અને પોતાને જોઈ ' માની લે છે' કે પોતે છે તો ખરા !! અને પ્રજાનું તેના પ્રત્યે ધ્યાન ખેંચાય માટે બેફામ બોલે છે જેથી તેની ચર્ચા થાય અને પોતા તરફ સતત ધ્યાન રહે. નેતાઓ પણ જે ભાષણો કરે છે તેમાં પોતે જે નથી કરી શકતા તે છૂપાવવા વિરોધીઓને ગાળો આપે છે અને તેમના પર આક્ષેપો કરે છે. પ્રજાને ક્ષુદ્ર બાબતોમાં ઉશ્કેરે છે. આ સાંભળીએ ત્યારે તટસ્થતાનો રેઈનકોટ પહેરીને સાંભળવાનું છે. શકય હોય તો ટી.વી. બંધ કરી દેવો અથવા છાપું બાજુમાં રાખી દેવું, પણ તે ન થઈ શકે તો " આ બધું જુઠ છે" એમ વિચાર્યા પછી જ વાંચવા જોવાનું છે.

આપણા દેશની એક અદભુત સંસ્કૃતિ છે. અહીં એક સુંદર–સંસ્કારી ભાષા છે. તેનો બહુ જ સંયમથી ઉપયોગ કરવાનો છે. તેનો એક પળ પણ બેફામ ઉપયોગ ન કરી શકાય. આમ કરતા હોય તેને અટકાવવાના છે, પણ તે શકય ન હોય તો પોતે નથી સાંભળવાની. અને પોતે તો એક પળ પણ અસંસ્કારી ભાષાનો ઉપયોગ નથી કરવાનો. પોતે એક ઉચ્ચ કક્ષાની સંસ્કૃતિના રખેવાળ છે એ સભાનતા રાખવાની છે. પોતાથી એક પળ પણ હલકા ન થઈ શકાય તેની સભાનતા રાખવાની છે. જે ન રાખતા હોય અને અસંસ્કારી ભાષાનો ઉપયોગ કરતા હોય, તેમને ચૂંટણીમાં નકારવાના છે. કેવળ સંસ્કારી લોકોને જ ચૂંટવાના છે. એવા ન દેખાય તો " નોટા"નો ઉપયોગ કરવાનો છે. દેશની સંસ્કૃતિ–સભ્યતાને એક પળ પણ નીચી ઉતરવા ન દેવાય. આ કામ નેતાઓ નહીં કરે. તેમને ટકવાનું છે. તેથી તેઓ બધી પ્રયુકિતઓનો ઉપયોગ કરશે જેથી તેઓ સતત દેખાય. પણ પ્રજાએ તો ડાહ્યા જ થવાનું છે. કેવળને કેવળ સ્વસ્થ વ્યકિતઓને સાંભળવા–વાંચવા–ચૂંટવાના છે. અને હા, પોતે પણ તેવા જ સ્વસ્થ રહેવાનું છે.

આ વર્ષે માત્ર આ એક કામ કરાશે–સ્વસ્થ રહેવાનું, સંકુચિતતાને નકારવાનું– તો દેશ ખૂબ સ્વસ્થ રહેશે. પ્રદૂષણ ઓછું થશે. નેતાઓ કે ચૂંટણીઓ તો આવતાં રહે અને જતાં રહે. મહત્વ છે દેશનાં પર્યાવરણને જાળવવાનું. અને આ કામ માત્રને માત્ર સામાન્ય પ્રજા જ કરી શકે. તેને નેતાઓ પર ન છોડાય.

બહુ મહત્વનું કામ છે–જાગૃત રહેવાનું અને સંસ્કારી રહેવાનું. પ્રજા જો તે થોડુ પણ કરી શકશે તો સમગ્ર વર્ષ ઉતમ જશે.

પ્રજા પર બધું આધારિત છે. વર્ષ ઉતમ ન જાય તો કેવળ પ્રજા જવાબદાર હશે. બીજાઓને દોષ ન આપવો.

બૌધ્ધિક રીતે સ્વસ્થ રહેવાની નવા વર્ષની શુભેચ્છા.

❑❑❑